www.prepp.in
Prepp
Your Personal Exams Guide

**Series : 1SRQP** **SET~4**

ક્યૂ.પી. કોડ
**Q.P. Code** **10**

રોલ નં.
**Roll No.** | | | | | | | |

ઉમેદવારે ઉત્તરવહીના પ્રથમ પેજ પર રોલ નંબર અને પ્રશ્નપત્ર કોડ અચૂક લખવો.
Candidates must write the Q.P. Code on the title page of the answer-book.

# ગુજરાતી
# GUJARATI

*સમય સીમા : 3 કલાક* *કુલ અંક : 80*
*Time allowed : 3 hours* *Maximum Marks : 80*

**નોંધ :**

(I) આ પ્રશ્નપત્રમાં **15** પાના છે તે તપાસી લેવું.

(II) આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તર-પુસ્તિકામાં અવશ્ય લખવાનો રહેશે.

(III) આ પ્રશ્નપત્રમાં **13** પ્રશ્નો છે તે તપાસી લેવું.

(IV) **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા ઉત્તર-પુસ્તિકામાં યથા સ્થાન પર પ્રશ્ન સિરિયલ નંબર અચૂક લખવો.**

(V) આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે. 10.15 કલાકેથી 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે અને આ સમયમાં ઉત્તર-પુસ્તિકામાં કોઈ ઉત્તર લખવા નહીં.

**NOTE :**

(I) Please check that this question paper contains **15** printed pages.

(II) Q.P. Code given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.

(III) Please check that this question paper contains **13** questions.

(IV) **Please write down the serial number of the question in the answer-book at the given place before attempting it.**

(V) 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the candidates will read the question paper only and will not write any answer on the answer-book during this period.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

***General Instructions :***

*(i)* *This Question paper is divided into **2** Parts.*

*(ii)* *It has total **13** questions.*

*(iii)* *Advanced reading skill question no. **1** & **2**.*

*(iv)* *Literature question no. **3** to **5** and **7** to **10**.*

*(v)* *Applied Grammar question no. **6**.*

*(vi)* *Effective writing skill question no. **11** to **13**.*

***Attempt questions as per specific instructions.***

***Write question no. in Answer Book before attempting it.***

*સામાન્ય સૂચનાઓ :*

*(i)* *આ પ્રશ્નપત્ર **2** વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવ્યું છે.*

*(ii)* *આ પ્રશ્નપત્રમાં કુલ **13** પ્રશ્નો છે.*

*(iii)* *એડવાન્સ રીડિંગ સ્કીલમાં **1** અને **2** પ્રશ્નો છે.*

*(iv)* *સાહિત્ય વિભાગમાં પ્ર. **3** થી **5** અને **7** થી **10** પ્રશ્નો છે.*

*(v)* *એપ્લાઈડ ગ્રામરમાં પ્રશ્ન નં. **6** છે.*

*(vi)* *ઈફિક્ટિવ રાઈટિંગ કૌશલ્યમાં પ્ર. **11** થી **13** છે.*

*પ્રશ્નમાં આપેલી સૂચના મુજબ ઉત્તરો લખવા.*

*પ્રશ્નનો જવાબ લખતી વખતે પ્રશ્નક્રમાંક જરૂર લખો.*

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

## PART – A (40)

### (વસ્તુનિષ્ઠ પ્રશ્નો)

### (Advanced Reading Skill)

1. નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો : $5 \times 1 = 5$

અભય એટલે બાહ્ય ભયમાત્રથી મુક્તિ. મોતનો ભય, શસ્ત્રપ્રહારનો ભય, આબરુનો ભય, કુટુંબપરિવાર વિશેનો ભય, રોગનો ભય, એમ ભયની વંશાવલી જેટલી લંબાવીએ તેટલી લંબાવી શકાય. એકમાત્ર મોતનો ભય જીત્યો એટલે બધા ભય જીત્યા એમ સામાન્ય રીતે કહેવાય છે; પણ એ બરોબર નથી લાગતું. ઘણા મોતનો ભય છોડે છે, છતાં પણ નાના પ્રકારનાં દુ:ખોથી નાસે છે. કોઈ પોતે મરવા તૈયાર હોય છે. પણ સગાંવહાલાંનો વિયોગ સહન નથી કરી શકતા. કોઈ કંજૂસ બધું જતું કરશે, દેહ જતો કરશે પણ એકઠું કરેલું ધન છોડતાં હેબતાઈ જશે. કોઈ પોતે માનેલી આબરુ, પ્રતિષ્ઠા સાચવવા અનેક કાળાધોળા કરવા તૈયાર થશે ને કરશે. જગતની નિંદાના ભયથી કોઈ સીધા માર્ગ જાણવા છતાં લેતાં અચકાશે. સત્યની શોધ કરનારે આ બધા ભયને તિલાંજલિ આપ્યે જ છૂટકો. હરિશ્ચંદ્રની જેમ પાયમાલ થવાની તૈયારી હોવી જોઈએ. તો જ આ દુન્વયી ભયોથી મુક્તિ મેળવી શકાય. માણસ ભયમુક્ત થાય ત્યારે જ સાચા અર્થમાં એ માણસને લાયક બને છે. હરિશ્ચંદ્ર ભયની પાર અભયની અનુભૂતિ કરી શક્યા હતા.

**પ્રશ્નો :**

I. અભય એટલે શું ?

II. આપણે કયા-કયા પ્રકારના ભય અનુભવીએ છીએ ?

III. સામાન્ય રીતે કયો ભય સૌથી મોટો ગણાય છે ?

IV. સત્યની શોધ કરનારે શું કરવું જોઈએ ?

V. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

Prepp
Your Personal Exams Guide

2. નીચેનું કાવ્ય વાંચી તેની નીચેના પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ શોધીને લખો : **5 × 1 = 5**

દેશ તો આઝાદ થતાં થઈ ગયો,

તેં શું કર્યું ?

દેશ તો બરબાદ થતાં રહી ગયો,

એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું ?

'લાંચરુશ્વત, ઢીલ, સત્તાદોર, મામામાશીના,

કાળાબજારો, મોંઘવારી : ના સીમા !'

– રોષથી સૌ દોષ ગોખ્યા,

ગાળથી બીજાને પોંખ્યા.

આળ પોતાનેય શીરે આવે ન જો !

તેં શું કર્યું ?

આપબળ ખર્ચ્યું પૂરણ ?

જો, દેશના આ ભાગ્યમાં તે શું ભર્યું ?

સ્વાતંત્ર્યની કિંમત ચૂકવવી હરપળે;

સ્વાતંત્ર્યના ગઢકાંગરા : કરવત ગળે.

ગાફેલ, થા હુશિયાર !

તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે ?

શી સ્વર્ગદુર્લભ મૃત્તિકાનો પુણ્યમય તુંજ પિંડ છે.

હર એક હિંદી હિંદ છે,

હર એક હિંદી હિંદની છે જિંદગી.

હો હિંદ સુરભિત ફુલ્લદલ અરવિંદ:

એ સ્વાતંત્ર્ય દિનની બંદગી.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

પ્રશ્નો :

I. આ કાવ્યમાં કવિ કોને પ્રશ્નો પૂછે છે ?

(A) દેશની સ્ત્રીઓને

(B) ભારતના નાગરિકોને

(C) શાળાના વિદ્યાર્થીઓને

(D) વિદેશી નાગરિકોને

II. કવિની દૃષ્ટિએ સ્વતંત્ર ભારતમાં શું જોવા મળતું નથી ?

(A) નૈતિકતા

(B) ભ્રષ્ટાચાર

(C) કાળાબજાર

(D) લાંચરુશ્વત

III. કવિ દેશવાસીઓને શું કહે છે ?

(A) હર એક હિંદી નાસમજ છે.

(B) હર એક હિંદી ધાર્મિક છે.

(C) હર એક હિંદી હિંદ છે.

(D) હર એક હિંદી નાસ્તિક છે.

IV. કવિ આપણને કેવા થવાનું કહે છે ?

(A) નાસમજ થવાનું

(B) આળસુ થવાનું

(C) ગાફેલ થવાનું

(D) હુશિયાર થવાનું

V. દેશ કમળની પાંદડીઓની જેમ ખીલે અને સુવાસિત બને એ માટે કવિ શું કરે છે ?

(A) સ્વાતંત્ર્ય દિને ભાષણ

(B) સ્વાતંત્ર્ય દિને આળસ

(C) સ્વાતંત્ર્ય દિને દુશ્મનાવટ

(D) સ્વાતંત્ર્ય દિને બંદગી

(Literature)

3. નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : (કોઈપણ પાંચ) **5 × 1 = 5**

I. "આજે તો જ્યાં જુઓ ત્યાં ચાડી, ચુગલી, નિંદા અને પ્રપંચનો પાર નથી." આ ઉક્તિ કયા પાઠની છે ? અને કોણ બોલે છે ?

(A) કુસુમનું કઠણ તપ – કુસુમ

(B) નારાયણ હેમચંદ્ર – ગાંધીજી

(C) મોરનાં ઈંડા – મહીજી

(D) અખાનો સંસારત્યાગ – અખો

II. 'હંકારી જા' કાવ્યના કવિનું નામ આપો.

(A) રમણીક અરાલવાળા

(B) હરીન્દ્ર દવે

(C) સુંદરમ

(D) ગંગાસતી

III. 'ઢોરાં' કૃતિનો સાહિત્યપ્રકાર જણાવો.

(A) લઘુકથા

(B) નવલિકા

(C) આત્મકથા

(D) ચરિત્રનિબંધ

IV. ચિરાયુંનું રેશમી વસ્ત્ર સાંધી ન શકાયું કારણ કે .......

(A) એટલા પાપ વિનાના વર્ષ કોઈની પાસે ન હતા.

(B) વસ્ત્રનું કાણું મોટું થઈ ગયું હતું.

(C) વસ્ત્રના રંગનું થીંગડું મળતું ન હતું.

(D) રાણી પાસે સાંધવાના સાધનો ન હતા.

V. "તમ-તમારે નિરાંતે રો, માસ્તર ! હું છું તાં લગણ કોઈ પાંદ ન તોડે". આ વાક્ય કોણ કોને કહે છે ?

(A) એક આદમી ભવાનકાકાને

(B) પૂંજા મેજર એક આદમીને

(C) સરપંચ ભવાનકાકાને

(D) એક આદમી પૂંજા મેજરને

www.prepp.in

VI. 'મોરનાં ઈંડાં' પાઠ શેમાંથી લેવામાં આવ્યો છે ?

(A) બીજી થોડીક

(B) માનતા

(C) સરસ્વતીચંદ્ર

(D) સત્યના પ્રયોગો

4. નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : (કોઈપણ **પાંચ**) **5 × 1 = 5**

મેળો આપો તો એક માનવીને સંગ
　　અને એકલતા આપો તો ટોળે,
જીવતર આપો તો એવું આપો કે
　　શ્વાસ એના કેફના કસુંબાને ઘોળે !
તરતાં ન આવડે લગાર અને તગતગતા
　　તડકાનો દરિયો લલકારે.
થાકેલી આંખો અંજાતી નથી, તોય
　　થોડાં મૃગજળ ચળકે છે મઝધારે.
ટીપેથી પાય તો ધરાઉં, સાવ તરસ્યો હું
　　રહી ગયો છલકાતી છોળે.
સૂની બપોરની આ એકલતા એકલતા
　　એકલતા બોલી અકળાવો,
ઊગતી સવારના આ ડ્હોળાતા રંગમાં
　　જો થોડી આ સાંજ ઘૂંટી લાવો.
કોઈએ ના હોઠે અડકાડ્યું એ અમરતને
　　કોણ હવે આકાશે ઢોળે ?

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

પ્રશ્નો :

I. કવિ મેળો અને એકલતા કેવાં માંગે છે ?

II. કવિ કેવું જીવતર માંગે છે ?

III. કવિને શું નથી આવડતું ?

IV. કવિની આંખો કેવી છે ?

V. મૃગજળ ક્યાં ચળકે છે ?

VI. ઊગતી સવારનો રંગ કેવો છે ?

5. નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચેના પ્રશ્નોના **એક-બે** વાક્યોમાં ઉત્તર લખો : (કોઈપણ **પાંચ**) $5 \times 1 = 5$

મારો જન્મ મુંબઈના ગામદેવી વિસ્તારની કિરપાળ હેમરાજની ચાલીમાં થયેલો. મારું બાળપણ મુંબઈમાં પરા જોગેશ્વરીમાં વીત્યું. આશરે પંચાવન-છપ્પન વર્ષ પહેલાં ગામદેવી-ગિરગામ વિસ્તારની ચાલીઓમાં રહેનારા કારવાર પ્રાંતના કેટલાક લોકોએ જોગેશ્વરીમાં સહકારી ધોરણે મકાનો બાંધ્યાં. ત્યારે તો જોગેશ્વરીમાં રેલવે સ્ટેશન સુદ્ધાં નહોતું. ચાર કુટુંબો રહે એવું એક માળનું મજાનું ઘર, ત્રણ ઓરડા, આગળ નાનકડું આંગણું, પાછળ વાડો. આવી વસાહતનું નામ હતું 'સરસ્વતીબાગ'. પણ ત્યાં રહેનારાઓ એને 'સોસાયટી' કહેતા. મારું બાળપણ આ સોસાયટીમાં વીત્યું. બાળપણને સુખી કરનારી દરેક વાત ત્યાં હતી, એ વર્તુળાકાર અને અર્ધવર્તુળાકાર બંગલાઓની વચોવચ્ચ આવેલા ક્લબના બેઠા ઘાટના એક નાનકડા મકાનમાં ચાલતી મ્યુનિસિપાલિટીની નિશાળ એટલો એક મીઠાનો ગાંગડો મારા સુખમાં નાખ્યો હતો ! બાકી તો અમારી આ સરસ્વતી બાગ સોસાયટી નાનાં બાળકો માટે કેવી સરસ હતી ! આજે પણ એ 'સોસાયટી' છે, પણ હવે સિમેન્ટ – કોંક્રિટની ઇમારતોનાં જંગલોમાં એ પૂરેપૂરી ઢંકાઈ ગઈ છે. કુંડામાંના સુંદર ફૂલનો એકાદ છોડવો અડાબીડ વધેલા ઘાસમાં ઢંકાઈ જાય તેમ. એક સમયે જોઈએ તો ત્યાં આંબાનાં, જાંબુનાં, વડનાં, તાડનાં, વાડામાં સરગવાનાં, અગથિયાનાં ઝાડ હતાં. ગુલાબના તો હજારો છોડવા. તેટલી જ અબોલી. કેવડો પણ. ખરો. (કારવાર તરફની સ્ત્રીઓને માથામાં નાખવા રોજ નવી નવી, જાતે ગૂંથેલી ફૂલની વેણી જોઈએ) બપોર થતાં થતાંમાં જ ઘરે ઘરે પરસાળમાં સ્ત્રીઓ ટોળે મળીને વેણીઓ ગૂંથ્યે જતી.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

પ્રશ્નો :

I. લેખકનો જન્મ ક્યાં થયો હતો ?

II. લેખકની વસાહત કેવી હતી ? તેનું નામ શું હતું ?

III. લેખકના સુખમાં મીઠાનો ગાંગડો કોણ બન્યું ?

IV. લેખકની 'સોસાયટી' શેની પાછળ ઢંકાઈ ગઈ છે ?

V. લેખકના વાડામાં શેનાં ઝાડ હતાં ?

VI. બપોર થતાં સ્ત્રીઓ પરસાળમાં શું કરતી હતી ?

## (Applied Grammar)

6. (A) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : (કોઈપણ પાંચ) $5 \times 1 = 5$

I. 'તાગડધિન્ના કરવા' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

(A) ગાંડા બની જવું (B) ડાહ્યા બની જવું

(C) મોજમજા ઉડાવવી (D) તાગ મેળવવો

II. 'પી જવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

(A) બીજાને પાણી પીવડાવવું (B) પાણીમાં રમવું

(C) સહન ન કરવું (D) સહન કરી જવું

III. 'આંખ લાલ થવી' રૂઢિપ્રયોગનો કયો અર્થ સાચો નથી તે લખો.

(A) રોષે ભરાવું (B) ગુસ્સે થવું

(C) આંખો આવવી (D) ક્રોધિત થઈ જવું

IV. 'પેટનું પાણી ન હાલવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

(A) નિશ્ચિંત થઈ જવું (B) પેટમાં પાણી ભરાઈ જવું

(C) વધુ પડતું પાણી પીવું (D) ખૂબ તરસ લાગવી

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

V. નીચેનામાંથી રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય છે ?

(A) લોહી ઉકાળા કરવા – ગુસ્સે થઈ જવું

(B) લોહી ઉકાળા કરવા – જીવ ગભરાઈ જવો

(C) લોહી ઉકાળા કરવા – લોહી ઊકળી ઊઠવું

(D) લોહી ઉકાળા કરવા – જીવ બાળવો

VI. 'મોં ફેરવી લેવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ આપો.

(A) અણગમો ન બતાવવો (B) અણગમો વ્યક્ત કરવો

(C) ગમતું હોય ત્યાં જોવું (D) મનગમતું કાર્ય કરવું

(B) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો : (કોઈપણ ત્રણ) **3 × 1 = 3**

I. નીચેના વાક્યોમાંથી સંયોજકવાળું વાક્ય શોધીને લખો :

(A) આ આટલા બધા ધ્યાનથી કોની કંઠી ઘડી રહ્યા છો ?

(B) વળાવિયા તરીકે કામ કરે ત્યારે જીવના જોખમે એ સામનો કરે.

(C) કળજુગના માયાવી બંધનમાં જગત ઘેરાતું જાય છે.

(D) શેઠ, મારે આ સગી બહેન કરતાંય વધારે છે.

II. નીચેના વાક્યમાં યોગ્ય સંયોજક મૂકો :

આજે ગાંધી જયંતિ છે __________ શાળામાં સ્વચ્છતા અભિયાન રાખવામાં આવ્યું છે.

(A) એટલે

(B) અને

(C) ત્યારે

(D) અથવા

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

III. નીચેના વાક્યોમાંથી સંયોજકવાળું વાક્ય શોધીને લખો :

(A) નારાયણ હેમચંદ્રને વ્યાકરણ મુદ્દલ નહોતું આવડતું.

(B) સરસ્વતીચંદ્રને ન પરણવાનું મારું કારણ તમને સમજાવું.

(C) નારાયણ હેમચંદ્રનો સાદ ભાંભરો હતો.

(D) છોકરાંઓને એમણે એવાં સમજાવેલાં કે કોઈ છોડ ઉપાડ્યાનું પાપ ના કરે.

IV. નીચેના વાક્યમાં યોગ્ય સંયોજકો મૂકો :

'__________ આપને મદદ કરી શકું __________ રાજી થાઉં.'

(A) અને, એટલે

(B) જ્યારે, ત્યારે

(C) જો, તો

(D) કે, કારણ કે

(C) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો : (કોઈપણ **ચાર**) $4 \times 1 = 4$

I. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો :

(A) મીનાએ ઘણાં સફરજન ખાધાં હતાં.

(B) મીનાએ ઘણાં સફરજન ખાધા હતા.

(C) મીનાએ ઘણા સફરજન ખાધા હતા.

(D) મીનાએ ઘણા સફરજન ખાધા હતાં.

II. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો :

(A) સવિનય સહિત આપને હું આ હકીકત જણાવું છું.

(B) સવિનય આપને હું આ હકીકત જણાવું છું.

(C) સવિનય સાથે આપને હું આ હકીકત જણાવું છું.

(D) સવિનય સહ આપને હું આ હકીકત જણાવું છું.

www.prepp.in

III. નીચેનામાંથી પદક્રમ અને પદસંવાદની દષ્ટિએ સાચું વાક્ય શોધો :

(A) રાક્ષસો હવનમાં હાડકાં નાખતા હતા.

(B) હતા રાક્ષસો હવનમાં નાખતા હાડકાં.

(C) હાડકાં હતા નાખતા રાક્ષસો હવનમાં.

(D) હવનમાં હતા રાક્ષસો હાડકાં નાખતા.

IV. નીચેનામાંથી પદક્રમ અને પદસંવાદની દષ્ટિએ સાચું વાક્ય શોધો :

(A) મને શુદ્ધ ભેંસનું ઘી આપો.

(B) મને ભેંસનું શુદ્ધ ઘી આપો.

(C) મને ઘી ભેંસનું શુદ્ધ આપો.

(D) શુદ્ધ ભેંસનું આપો મને ઘી.

V. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાની દષ્ટિએ કયુ વાક્ય અયોગ્ય છે ? તે શોધો.

(A) ગાડીમાં અનાજ ભરાઈ રહ્યું હતું.

(B) રવિવારે શાળામાં રજા હોય છે.

(C) ચોમાસામાં વરસાદ પડે છે.

(D) શિયાળામાં ઠંડો પડે છે.

(D) નીચેના વાક્યોના સૂચના પ્રમાણે કાળ ઓળખાવો : (કોઈપણ ત્રણ) $3 \times 1 = 3$

I. નીચેના વાક્યોમાંથી પૂર્ણ વર્તમાનકાળનું વાક્ય શોધો :

(A) શિક્ષકો અને વિદ્યાર્થીઓ પ્રવાસે ગયાં છે.

(B) શિક્ષકો અને વિદ્યાર્થીઓ પ્રવાસમાં જવાનાં છે.

(C) શિક્ષકો અને વિદ્યાર્થીઓ આવતા મહિને પ્રવાસમાં જશે.

(D) શિક્ષકો અને વિદ્યાર્થીઓ પ્રવાસમાંથી આવી ગયાં હતાં.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

II. નીચેના વાક્યોમાંથી ચાલુ ભૂતકાળનું વાક્ય શોધો :

(A) મમ્મી દરરોજ સ્વાદિષ્ટ રસોઈ બનાવતી હતી.

(B) શિક્ષક વર્ગમાં ગણિત ભણાવી રહ્યા છે.

(C) આપણે મિત્રો સાથે કાલે રમવા જઈશું.

(D) શાળામાંથી છૂટ્યા પછી આપણે સાથે ફરવા જઈશું.

III. નીચેના વાક્યોમાંથી પૂર્ણ ભૂતકાળનું વાક્ય શોધો :

(A) વિદ્યાર્થીઓ શાળામાં પ્રાર્થના કરી રહ્યાં છે.

(B) મારા દાદી રોજ સવારે પૂજાપાઠ કરે છે.

(C) બેલ વાગે એ પહેલાં જ બાળકો વર્ગમાં બેસી ગયા હતાં.

(D) ટીના આવતીકાલે શાળામાં ગૃહકાર્ય લઈને આવશે.

IV. નીચેના વાક્યોમાંથી સાદા ભવિષ્યકાળનું વાક્ય શોધો :

(A) સીતા રોજ વર્ગમાં જ બેસી રહેતી હતી.

(B) આપણે આચાર્યશ્રીને બોલાવીને આપણા વર્ગશિક્ષકનો જન્મદિન ઉજવીશું.

(C) લોકો રોજ સવારે બગીચામાં ચાલતા હોય છે.

(D) મીના ધોરણ-10માં નાપાસ થઈ હતી.

**PART – B** **(40)**

**(વર્ણનાત્મક પ્રશ્નો)**

**(Literature)**

7. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : (કોઈપણ ત્રણ) **3 × 2 = 6**

I. અર્જુનના દૃષ્ટાંત દ્વારા કવિ શો સંદેશો આપે છે ?

II. વનરાઈમાં આગનું દૃશ્ય કેવું હતું ?

III. નગરજીવનનું બંધિયારપણું બાને શી રીતે સતાવે છે ?

IV. ગંગાસતી કઈ આશા છોડી શેમાં ધ્યાન ધરવાનો ઉપદેશ આપે છે ?

www.prepp.in
Your Personal Exams Guide

8. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : (કોઈપણ **એક**) **1 × 3 = 3**

I. ક્રોધી સ્વભાવને જીતવા ગંગાસતી શો ઉપદેશ આપે છે તે ચર્ચો.

II. 'હંકારી જા' શીર્ષકનો કેન્દ્રવર્તીભાવ સ્પષ્ટ કરો.

III. 'વતનનો તલસાટ' કાવ્યમાં વ્યક્ત થતો કવિનો કલ્પાંત વર્ણવો.

9. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : (કોઈપણ **ત્રણ**) **3 × 3 = 9**

I. 'કુસુમનું કઠણ તપ' શીર્ષકની યોગ્યતા સ્પષ્ટ કરો.

II. 'અખાનો સંસારત્યાગ' પાઠના આધારે અખાની પરિસ્થિતિનો ખ્યાલ આપો.

III. નારાયણ હેમચંદ્રની નિખાલસતા અને સાદાઈ વિશે પાઠના આધારે લખો.

IV. ન્યાય અંગેના સોક્રેટિસના વિચારો પાઠના આધારે વર્ણવો.

V. 'થીંગડું' પાઠના સંદર્ભમાં પ્રભાશંકરના જીવનનો પરિચય કરાવો.

10. નીચે આપેલા સાહિત્યકારનો **દસ-બાર** વાક્યોમાં પરિચય કરાવો : (કોઈપણ **એક**) **1 × 4 = 4**

I. ઉમાશંકર જોષી

II. ગોવર્ધનરામ ત્રિપાઠી

## (Effective Writing Skill)

11. નીચે આપેલા વિષય પર આશરે **200** શબ્દોમાં નિબંધ લખો :(કોઈપણ **એક**) **1 × 8 = 8**

I. **શિક્ષણમાં પ્રવાસનું મહત્ત્વ :**

**મુદ્દા :** પ્રસ્તાવના – પ્રવાસના વિવિધ ફાયદા – પ્રવાસના સ્થળોનું મહત્ત્વ અને તેનું સૌંદર્ય – સામૂહિક જીવનનો અનુભવ – પ્રવાસનું મહત્ત્વ – ઉપસંહાર

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

II. **આધુનિક યુગનું મહાદૂષણ 'પ્રદૂષણ' :**

**મુદ્દા :** પ્રસ્તાવના – વધતું જતું પ્રદૂષણ – પ્રદૂષણનાં કારણો – પ્રદૂષણની ભયાનક અસરો – પ્રદૂષણ રોકવાના ઉપાયો – ઉપસંહાર

III. **જનસેવા એ જ પ્રભુ સેવા :**

**મુદ્દા :** પ્રસ્તાવના – જનસેવા એ જ સાચી પ્રભુસેવા – સંતો અને મહાપુરુષોનો ઉપદેશ – સેવાનો કપરો માર્ગ – આજના યુગમાં જનસેવાનો આદર્શ – ઉપસંહાર

12. તમારી શાળામાં ઉજવાયેલ વૃક્ષારોપણનો આશરે **100** શબ્દોમાં અહેવાલ લખો. **1 × 5 = 5**

**અથવા**

તમારી શાળામાં યોજાયેલ પુસ્તક પ્રદર્શનનો અહેવાલ આશરે **100** શબ્દોમાં તૈયાર કરો.

13. તમારી શાળામાં તમે 'વાનગી હરિફાઈ' યોજવા માંગો છો એની અનુમતિ માંગતો પત્ર તમે તમારા આચાર્યને સંબોધીને લખો. **1 × 5 = 5**

**અથવા**

તમારા વિસ્તારમાં પાણી અનિયમિત આવે છે તેના ઉકેલ માટે નગરપાલિકાના પ્રમુખને સંબોધીને અરજી લખો.

Prepp
Your Personal Exams Guide